Extra No. 248

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JULY 7, 2025 / ASHADHA 16, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગના તારીખઃ ૧૯મી મે, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વીએસ/૧૨૮/૨૦૨૨/૫૩/એ. નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૮માં સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Legislative Assembly (Leader of the Opposition) Salary and Allowances Rules, 1979.

ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી

જાહેરનામું

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી મે, ૨૦૨૫

ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક: જીએચ/વીએસ/૧૨૮/૨૦૨૨/૫૩/એ:- ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૧૨થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૮મી તારીખે અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૨. ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં નિયમો, ૧૯૭૯માં, નિયમ ૫-માં,

(ક) પેટા-નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

''(૩) સરકારી અથવા જાહેર ક્ષેત્રના અતિથિગૃહ (ગેસ્ટ હાઉસ)માં રોકાવા માટે અથવા પોતાની રીતે વ્યવસ્થા કરીને રહેવા માટે, દૈનિક ભથ્થાંના દર નીચે મુજબ રહેશે:-

ક્રમાંક	શહેરોનું વર્ગીકરણ *	દૈનિક ભથ્થાંનો દર
૧	X વર્ગના શહેરો	રૂ. ૧૦૦૦
૨	Y વર્ગના શહેરો	રૂ. ૮૦૦
૩	Z વર્ગના શહેરો	રૂ. ૫૦૦

* સરકારે વખતોવખત જાહેર કર્યા પ્રમાણે."

(ખ) પેટા-નિયમ (૪)માં, ખંડ (ક)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ક) કોઈ હોટેલમાં અથવા જમવાની અને રહેવાની વ્યવસ્થા પૂરી પાડતી અન્ય સંસ્થામાં રોકાવા માટે, દૈનિક ભથ્થાંના દર નીચે મુજબ રહેશે:-

ક્રમાંક	શહેરોનું વર્ગીકરણ *	દૈનિક ભથ્થાંનો દર
૧	X વર્ગના શહેરો	રૂ. ૨૬૦૦
૨	Y વર્ગના શહેરો	રૂ. ૨૧૦૦
૩	Z વર્ગના શહેરો	રૂ. ૧૩૦૦

* સરકારે વખતોવખત જાહેર કર્યા પ્રમાણે."

૩. આ જાહેરનામું સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૮મી તારીખથી અમલમાં આવતું હોવાથી, વિરોધપક્ષના નેતા, જૂના દરો સાથે તેઓએ અગાઉ રજૂ કરેલા બિલ માટે પાછલી બાકીની રકમ (એરીયર્સ) મેળવવાને પાત્ર રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. આર. જોષી,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.12 15:21:02 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar